

શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

ઓગસ્ટ-૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

ઓગસ્ટ, ૨૦૨૪







## ધર્મકુળમિલન સ્મૃતિ દેરી
## ઉદ્‌ઘાટન પ્રસંગે
# પદયાત્રા
## કુંડળધામ થી કારિયાણીધામ








# અનુક્રમણિકા


3 સમયની કિંમત
- પ.પૂ.શ્રીગુરુજી

4 હરિસ્મરણમાં શ્રદ્ધા
- પ.પૂ.શ્રીગુરુજી

6 ભગવાન આપણાં કામ ક્યારે કરે ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 સંબંધ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 સાચી દિશાનું મહત્ત્વ...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 ભગવન્નામ-શ્રદ્ધા
- સાધુ વર્ણિવેષદાસ

12 પ્રાર્થનાનું પલ્લું ભારે
- સાધુ અનાદિસ્વરૂપદાસ

13 કાનના કાચા
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

14 નિશ્ચયનું બળ..!!
- સાધુ પ્રસન્નવદનદાસ

16 સીમાનો સ્વીકાર = અપેક્ષાનો અંત
- સાધુ સંકીર્તનદાસ

18 વિનાશક વાઇરસ
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

20 બાળકિલ્લોલ

21 સત્સંગ સમાચાર






: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ શ્રાવણ સુદ-૧, તા.૦૫/૦૮/૨૦૨૪ સોમવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## સત્સંગ સુધા

जन्म मरण चोराशी दू:खा, नाम जपत होवत अति सूखा;
नाम नामि दोउ एक हि जानी, हरि के नाम लेवत हे ज्ञानी.
भगवान की स्मृति ही जितना, वार ही वार रखना तितना;
दरशन तेसे रहेउ ताही, फारफेर नहीं कछु रहाही.



## કાવ્યકૃપા

# સમયની કિંમત

સમયને સમજી તેની, સાથે ચાલે જ્ઞાન;
એ જ દરેક સમયમાં, ટકી બને છે મહાન...૦૧
સમય વર્ત્યે સાવધાન, જો થઈ શકશો જ્ઞાન;
તો જ તમારું  સહુ જનમાં, જળવાય રે'શે માન...૦૨
સમયની કિંમત ન કરો તો, સમય તમારી જરાય;
જ્ઞાન કિંમત કરતો નથી, જીવન વ્યર્થ થઇ જાય...૦૩
સમયની કિંમત કરો તો, સમય તમારી અપાર;
જ્ઞાન કિંમત કરે જ છે, થાય તેથી ઉદ્ધાર...૦૪
જ્ઞાન સમયને સમજજો, જીવનાં કલ્યાણ કાજ;
સમય પર નહિ ચેતો તો, દુઃખ રહેશે સદા જ...૦૫

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ





પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

કથામૃતમ્

# હરિસ્મરણમાં શ્રદ્ધા

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! સ્મરણ કરવામાં શ્રદ્ધા ટકી રહે અને વધતી જ રહે એને માટે એક **ગુરુ-શિષ્ય**ની વાત આવે છે.

એક સંત-મહાત્મા પોતાના શિષ્યોને વારંવાર ભગવત્ સ્મૃતિ રાખવાનું કહ્યા કરે, ભગવાનનું નામ નામીએ સહિત લેવું, એમ ઉપદેશ આપ્યા કરે.

એક માથા ફરેલ ચેલાને આ વાત ન ગમતી. એને એવું લાગતું કે, 'આમાં તે શું નવું છે ? બધાને ખબર જ છે કે, ભગવાનનું નામ મહાન છે. રોજ એની એ જ વાત, ગુરુની વાતમાં કોઈ ફેરફાર જ નહીં. જ્યારે બોલે ત્યારે એમ જ બોલે, 'મૂર્તિ સંભારીને સ્મરણ કરો. બીજું કાંઈ આવડે છે ગુરુદેવને ?'

એક દિવસ તો ચેલાથી રહેવાયું નહીં. તેણે કહ્યું, 'તમે વારંવાર કહો છો કે, 'પ્રભુનું નામ-સ્મરણ કરો, પણ ગુરુદેવ ! એ તો સૌ જાણે જ છે ને. એ વાતથી કોણ અજાણ છે ? એમાં તમે નવું શું કહ્યું ? અમે તો તમારી પાસેથી કાંઈક હાઈ ક્વોલિટીના ઉપદેશની આશા રાખીએ છીએ. કાંઈક તત્ત્વજ્ઞાનની વાતો કરો.' ગુરુ તો ચેલાની સામું ને સામું જોઈ રહ્યા ! શું કહેવું આ ચેલાને ? એમ  થયું.

ગુરુજીએ બધી વાત સાંભળી લીધા પછી ધીમે રહીને કહ્યું, "બેટા ! તું આ મારી જૂની ધાબળી છે એનો એક એક ઊનનો તાંતણો જુદો પાડ. એ જૂની થઈ ગઈ હોવાથી આપણે વીંખી નાંખીએ."

પછી ચેલાએ તો  તે ધાબળીમાંથી ઊનના દોરા છૂટા પાડી દીધા અને ઊનનો ઢગલો કરી નાંખ્યો.

પછી ગુરુએ શિષ્યને કહ્યું કે, "બેટા, પેલી મારી જૂની ધાબળી લાવ ને !" ચેલો કહે, 'ગુરુજી, હવે ધાબળી ક્યાંથી લાવું ?' 'એનું તો ઊન થઈ ગયું !' "એમ કેમ થયું બેટા ?"  'તમે જ નહોતું કહ્યું કે, 'આનો તાંતણે તાંતણો કાઢી નાંખજો ?' "બેટા ! તું ઊનનો એક એક તાંતણો ખેંચે તો એમાં કાંઈ આખી ધાબળી થોડી જતી રહે ?!"

આ સાંભળીને શિષ્યે કહ્યું, 'ગુરુજી, એક ધાબળી તો શું, પણ આમ ને આમ દોરા ખેંચવાના ચાલુ રાખીએ તો હજારો ધાબળીમાંથી ઊનના તાકાઓના તાકા થઈ જાય.' ત્યારે ગુરુજીએ કહ્યું, "બેટા ! જેમ ધાબળીમાંથી ઊનનો એક એક દોરો ખેંચતાં ખેંચતાં ધાબળી મટીને ઊન થઈ ગઈ, તેમ **શ્રદ્ધાપૂર્વક પ્રભુનું સ્વામિનારાયણ...સ્વામિનારાયણ એક એક નામ લેતાં લેતાં અંતે આપણો જીવ, જીવ મટીને બ્રહ્મરૂપ થઈ જાય !** બેટા, ધાબળીમાંથી જેટલા તાંતણા ખેંચી લઈએ એટલું ઊન જેમ એમાંથી ઓછું થતું જાય છે તેમ આપણે **પ્રભુના નામનું જેટલું વધારે અને વધારે સ્મરણ કરીએ, એટલી આપણા કારણશરીરની વધારે અને વધારે શુદ્ધિ થતી હોય છે અને એટલા આપણે વધારે અને વધારે ભગવાનની નજીક જતા હોઈએ છીએ, બ્રહ્મરૂપ થઈ જઈએ છીએ અને અંતે ભગવદ્ સ્વરૂપને પામી જઈએ છીએ. ભગવાનના નામની આ તાકાત છે !"**

પછી ગુરુજી બોલ્યા, ચેલા તું કહે છે કે, "નામ જપવાનું કહો છો એમાં શું નવી વાત ? પણ હું કહું છું કે, **પ્રભુનું નામ-સ્મરણ કરવું એ કલ્યાણના ઉપાય માટે નવામાં નવી વાત છે અને એ જ જૂનામાં જૂની સનાતન સત્ય વાત છે, અને**



Happy Raksha Bandhan

**વર્ષો પછી આ વાત એમ ને એમ રહેશે; આને કહેવાય સિદ્ધાંત.** આમાં ડહાપણ ન કરીએ એ જ સારું. ભગવાનના નામ-સ્મરણ કરતાં વધારે સારો અને વધારે સહેલો ઉપાય આ દુનિયામાં બીજો કોઈ છે જ નહીં.

એક બુદ્ધિશાળી શેઠ હતો, અને વળી દેશ-વિદેશમાં ફરેલો એટલે ઓવર બુદ્ધિશાળી થઈ ગયેલો. એના પિતાજી ગુજરી ગયેલા. મરતાં મરતાં છોકરાને કહેતા ગયેલા કે, મારી પાછળ ભાગવતની કથા કરાવજે.

પછી આ શેઠે ભાગવતની કથાનું આયોજન કર્યું. એક વિદ્વાન ભૂદેવને કથા માટે બોલાવ્યા. એ હતા પ્રભુપ્રેમી, ભજનાનંદી પુરુષ એટલે કથા કરતાં કરતાં રામ નામની ધૂન બહુ કરે.

આ શેઠને એમ થાય કે, ‘આમને દક્ષિણા દેવાની છે, સાત દિવસ જમાડવાના છે. વળી, કથા કરતા નથી અને રામ...રામ કરીને સમય બગાડે છે. શેઠ વિચારે કે, ‘બાપુ કાંઈક વાતો કરે, વાંચે, કાંઈક શ્લોક બોલે તો સારું. રામનામની તો બધાને ખબર છે.’ પણ એકદમ તો કાંઈ કહેવાય નહીં.

પછી એક દિવસ તો તેનાથી રહેવાયું નહિ, એટલે કહે, ‘આપની રજા હોય તો મારે થોડુંક પૂછવું છે.’ “અરે, બોલોને શેઠજી !” ‘તમે આ રામ...રામ કહ્યા કરો છો, પણ એનાથી શું અસર થાય ?’ મને તો કાંઈ અસર થાતી નથી.’

ભૂદેવ સમજી ગયા કે, આ બિચારો એનો બાપ કહેતો ગયો એટલે એમની પાછળ કથા કરાવે છે, પણ પૂરો આસ્તિક નથી. આને કાંઈ ભગવાનમાં ભાવ કે ભગવાનના નામનો કાંઈ વિશ્વાસ નથી.

પછી એને કહ્યું કે, “ભાઈ, તમને અસર ન થતી હોય તો ન થાય, થાતી હોય એને થાય. **જેને ભગવાનમાં હેત હોય, એવો વિશ્વાસ હોય, એવો પ્રેમ હોય, દિલથી ભગવાનનું નામ લેતા હોય; એ કોઈ રામ બોલે ત્યાં તો એને આરામ થઈ જાય, એની વૃત્તિઓ ભગવાનના સ્વરૂપમાં ઓતપ્રોત થઈ જાય.**

પેલા શેઠ કહે, ‘પણ રામ, બે અક્ષરનો શબ્દ છે. એનાથી કાંઈ એવડી મોટી અસર થાય ?’ ઘણી માથાકૂટ પછી ભૂદેવે કહ્યું કે, “બે અક્ષર પણ ઘણી બધી ઉથલ-પાથલ કરે. બે શબ્દમાં ઘણું બધું થઈ જાય એટલી શબ્દમાં તાકાત છે. તમે કહેતા હો તો શબ્દ કેટલી અસર કરે છે, એ પ્રત્યક્ષ અનુભવવા માટે હું બે શબ્દનો પ્રયોગ કરું. તમારે ખોટું નહિ લગાડવાનું.” તો કહે, ‘બોલો ને.’

પછી ભૂદેવે બધાની વચમાં કહ્યું કે, “તારો બાપ ડાહ્યો હતો પણ તું સાવ ‘મૂર્ખ’ છો.” શેઠને તો કાંઈ સુખ ન રહ્યું. એ કહે કે, ‘મને મૂર્ખ કહો છો ?’ તો કહે, “બે જ શબ્દ છે. આમાં કાંઈ અસર થઈ ?” કહે, ‘હા ઘણી થઈ.’ પછી ભૂદેવ કહે કે, “તને જેમ મૂર્ખ કીધો ને એની જેમ તને નેગેટિવ અસર થઈ, એમ ભગવાનના સંત-ભક્તને રામ બોલે ત્યારે એની બહુ પોઝિટિવ અસર થાય છે. રામ તો ભગવાનનું નામ છે; સંતો-ભક્તોના મુખમાં રમતો એ દિવ્ય અલૌકિક મંત્ર છે, એની અસર કેમ ન થાય ? આ રામનામ જ તારું કામ કરી દેશે. આ તો ભગવાનનો મંત્ર છે !” પછી એને સમજાયું.

આપણે નર્યાં ઇન્દ્રિયો, અંતઃકરણને અને દેહને લાડ લડાવવામાં પડ્યા છીએ. એને ખવડાવી, પીવડાવી, સૂવડાવીને જાણે કલ્યાણ ખાટી લેવું છે. એવી રીતે તો કેમ મેળ પડશે ? થોડુંક મક્કમ થઈને શરીર પાસેથી ભજન, ભક્તિનું કામ લેવું, સેવાનું કામ લેવું અને થોડા દૃઢ ઠરાવ સાથે મન પાસેથી ભગવદ્ સ્મરણ કરાવવું, જીભ પાસે હરિનામ રટાવવું. ●●●





# ભગવાન આપણાં કામ ક્યારે કરે ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એકવાર ભગવાન શ્રીસ્વામિનારાયણ થોડા સંતો-ભક્તો સહિત સોરઠની ધરતી પર વિચરી રહ્યા હતા. એક ખેતરમાં પાકેલ બાજરો જોઈને પ્રભુએ પૂછ્યું, 'આ ભાઈ હજુ બાજરો લણતા કેમ નહિ હોય ?' જાણકારે કહ્યું, 'મહારાજ ! એ તો આ માયારામ ભટ્ટનું ખેતર છે.' મહારાજ કહે, 'અત્યારે જ દાતરડાં અને ચલાખા મંગાવો.' પછી પ્રભુ પોતે અને સંતો-ભક્તોએ તે આખું ખેતર લણી દીધું અને તેનું અનાજ તૈયાર કરવાની બધી વ્યવસ્થા ગોઠવી દીધી.

આપણને પ્રશ્ન થાય કે, આપણે પણ ભક્તિ કરીએ છીએ પરંતુ આપણાં કામ પ્રભુ કેમ નહિ કરતા હોય ?

એકવાર ગામ બારપટોળીવાળા આહીર કાળુભાઈ વાવડિયા ગઢડે આવ્યા. જ્યારે પ્રભુની પૂજા કરી ભેટ મૂકવાની થઈ ત્યારે તેમને યાદ આવ્યું અને ચિંતામાં સરી પડ્યા.

પછી પ્રગટ પ્રભુ શ્રીહરિએ કહ્યું, 'ભગત ! ચિંતા કરો મા, અમે તમારું ધન સાચવ્યું છે.' પછી એક ઘોડેસવારને પાછો મોકલ્યો, તો ગામ માલપરાની સીતાપરી નદીને કાંઠે ભુલાઈ ગયેલ ધનનું પોટલું મળી ગયું.

આપણને મનમાં થાય કે, મહારાજ આવું મારું કામ કેમ નહિ કરતા હોય ?

ગામ આંબાના દેવશીભાઈ લુહાર શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. એકવાર તેમના પુત્રના લગ્નનો પ્રસંગ આવ્યો, પણ તેમની પાસે ધનની કોઈ જ સગવડતા ન હતી. પછી પ્રભુએ દર્શન દઈ સહાય કરવાનું કહ્યું એટલે લગ્નને વધાવી લીધા. ત્યારબાદ જ્યારે જાન લઈને અમરેલી ગયા ત્યારે શેઠનું રૂપ લઈ શ્રીહરિ જેટલા જોઈએ એટલા રૂપિયા આપી ગયા.

આપણને થાય છે ને કે પૈસાની તો મારે પણ બહુ જરૂર છે, પરંતુ ક્યાંય મેળ પડતો નથી. સ્વામિનારાયણ ભગવાન આવા સમર્થ હોવા છતાં મારાં કામ કેમ નહિ કરતા હોય ?

ભગવાન કોનાં સર્વે કામ કરે છે ? તેનો ખુલાસો ગીતાજીમાં કર્યો છે -

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥**

- ગીતા ૯/૨૨

જે એક મારા જ આશરે-વિશ્વાસે રહી મારું ભજન કરે છે ને મારી સેવા કર્યા કરે છે. વળી, જેને મને પામી જવાની પ્રબળ ઇચ્છા રહ્યા કરતી હોય એવા ભક્તોનાં હું સર્વે કાર્યો સંભાળી લઉં છું. તેનું સર્વ પ્રકારે રક્ષણ-પોષણ કરું છું. અથવા તો જેનાં અભીષ્ટ કાર્યો પ્રાપ્ત થઈ જાય પછી પણ જે મને ભૂલી જાય એવા ન હોય તેવા નિત્યાભિયુક્ત-એકાંતિક ભક્તને જે જે જરૂરી હોય તે બધું હું પૂરું પાડું છું અને તેની રક્ષા પણ હું જ કરું છું.

વહાલા ભક્તો ! આવાં લક્ષણો આપણામાં કેટલાક મળતાં આવે છે ? આપણે ખરા અર્થમાં આવા અનન્ય ભક્ત બની જઈએ તો પરમ કૃપાળુ પ્રભુ આ લોકથી લઈ અક્ષરધામ સુધીનું આપણું બધું કાર્ય કરવા તૈયાર છે.



Happy Raksha Bandhan

મહારાજે જેનું વગર કહ્યે કામ કરી આપ્યું એ મયારામ ભટ્ટ શ્રીહરિ તથા સંતોની સેવામાં સદા હાજર રહેતા અને તેમના ભાઈ ગોવિંદરામ ભજનમાં એવા જોડાઈ જતા કે તેમને વ્યવહારનું ભાન રહેતું નહીં, એટલે પ્રભુ તેમની સર્વે સંભાળ રાખતા હતા.

પેલા કાળુ વાવડિયા વારંવાર શ્રીહરિ તથા સંતોને રસોઈ આપતા. એકવાર મહારાજે કહ્યું, ‘આ વખતે રસોઈ રહેવા દો. ગોપીનાથજીનાં ઘરેણાં કરવાં છે, તેમાં તે ધન આપો.’ પછી કાળુભાઈએ રસોઈ ઉપરાંત તે જમાનાના લગભગ ૨૦૦૦ રૂપિયાનું સોનું લાવી આપ્યું. મહારાજે તે સેવાનો રાજીપો દર્શાવ્યો ત્યારે કહ્યું, ‘હે મહારાજ ! તમે જ મને રૂપિયા દીધા છે તે હું તમને અર્પણ કરું છું; તેમાં મારી મહાનતા કાંઈ નથી.’

વહાલા ભક્તો ! તે ભક્તોની જેમ જો આપણે આપણો સત્સંગ, સેવા, સમર્પણભાવ અને ભજન તપાસીએ તો એ ભક્તો સાથે કેટલાક મળે છે ? પહેલાં એમાં ધ્યાન દેવાની બહુ જરૂર છે.

દેવશીભાઈ લુહારે તેના ગામમાં મહારાજના મંદિરને માળવા માટે પોતાનું તમામ ધન તથા ઘરેણું અર્પી દીધું હતું. આમ શિર સાટે સત્સંગ રાખતા હતા, તેથી મહારાજે ખરા ટાણે તેની સહાય કરી હતી. આપણે શ્રીહરિ તથા સત્સંગ માટે આવું કેટલીક વખત કર્યું હશે ?

**આપણે પણ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશરો-વિશ્વાસ, સમર્પણભાવ, ભજન અને આજ્ઞાપાલન; આ ચાર બાબત દૃઢ કરી લઈએ તો શ્રીહરિ આપણાં સર્વે કામ કરવા તૈયાર જ છે.**

જો આપણને એમ થાય કે હું જેટલો સત્સંગ રાખું છું, જેટલી સેવા તથા ભજન કરું છું તેટલી પણ શ્રીહરિ સહાય કેમ નથી કરતા ? તો એનો પહેલો જવાબ એ છે કે એથી વધુ કૃપા કરતા જ હોય છે પણ આપણને તેની ખબર નથી અથવા આપણે તેની નોંધ લેતા હોતા નથી.

એક શહેરમાં એક અતિ શ્રીમંત શેઠ અને એક અતિ ગરીબ માણસ રહેતા હતા. એક દિવસ તે બંને ઉદાસ થઈને બેઠા હતા. ત્યારે એક સિદ્ધદશાવાળા સંતે તેમને ઉદાસીનતાનું કારણ પૂછ્યું. શેઠે કહ્યું, ‘ભગવાન મને ધંધામાં એટલી બધી સફળતા આપે છે કે હું તેની વ્યવસ્થા કરવામાં શાંતિથી સત્સંગ-ભજન કરી શકતો નથી; માટે હવે આટલી બધી કમાણી ન આપે તો સારું.’ ગરીબે કહ્યું, ‘મને અને મારા કુટુંબને જીવન જરૂરિયાતની ચીજ પણ પ્રભુ આપતા નથી, હવે અમારે જીવવું કેમ ?’

તે સંતે ભગવાન પાસે જઈ તે બંનેના ઉકેલ પૂછ્યા. ભગવાને કહ્યું, ‘તે શેઠ અમારો ઉપકાર-આભાર માનવાનું બંધ કરે તો હવે નવું આપવાનું બંધ કરી દઉં અને પેલો ગરીબ મારો આભાર માનવાનું શરૂ કરે તો તેના કર્મમાં નથી છતાં ખૂબ જ આપવા લાગું.’

સંતે કહેલી ભગવાનની આ વાત સાંભળી શેઠે કહ્યું, ‘શ્રીહરિ કૃપા કરી આપે અને તેમનો આભાર ન માનું એવું તો કેમ બને ? એ મારાથી નહિ થાય.’ ગરીબે કહ્યું, ‘માંડ ખાવા, પીવા અને ઓઢવા-પહેરવા મળે છે એમાં શું ધૂળ આભાર માનવો ?’ સંતે કહ્યું તો તમને તમારા પ્રારબ્ધ-કર્મથી વધુ કાંઈ જ નહિ મળે.

આવું જ કંઈક આપણા જીવનમાં પણ બનતું હોય છે. ભગવાન જે કાંઈ આપે છે તેનો આભાર માનવાને બદલે આપણી પાસે શું-શું નથી તેના ધોખા કરતા હોઈએ છીએ.

**જીવનમાં જે કાંઈ મળ્યું છે તેને પ્રભુની કૃપા માની વધુ ને વધુ ઋણી બનીએ તો તેનું અભિમાન ન આવે અને ભજન-ભક્તિ, સેવા-સમર્પણ વધ્યા કરે. પછી તેનાથી રાજી થયેલ પ્રભુ આપણા માટે જે જે યોગ્ય હોય તે બધું આપ્યા કરે. માટે હવે આપણે સત્સંગ-ભજન વધારવાનું અને વારંવાર મહારાજને થેંક્યૂ કહી આભાર માનવાનું ખૂબ સ્પીડથી વધારી દઈએ તો શ્રીહરિ આપણાં સર્વે કામ કરશે જ.** ●●●

INDEX

# સંબંધ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક નાનકડું એવું સુંદર સંસ્કારી ગામ હતું. ગામના દરેક લોકો ખૂબ જ સંપીને રહેતા હતા. ગામમાં એક નાનકડી પ્રાથમિક શાળા હતી. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓનું ખૂબ જ સારું ઘડતર કરતા. એક દિવસ આત્મીયતા કેળવવા માટે એક શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે તેઓના અંગત જીવન અંગે વાતો કરતાં એક નાના વિદ્યાર્થીને પ્રશ્ન પૂછ્યો.

“બેટા, તારું નામ શું છે ?” વિદ્યાર્થી કહે “સર, મારું નામ માનવ છે.”

શિક્ષકે બીજો પ્રશ્ન પૂછ્યો, “માનવ, તારી ઉંમર કેટલી છે બેટા ?” “સર, ૮ વર્ષ.” વિદ્યાર્થીએ સહજ જવાબ આપ્યો.

શિક્ષકે પ્રશ્નોત્તરીમાં આગળ વધતાં નવો પ્રશ્ન પૂછ્યો, “ઓકે બેટા, તારા પપ્પાની ઉંમર કેટલી છે ?” વિદ્યાર્થીએ તરત જ જવાબ આપ્યો. “જી સર, ૮ વર્ષ.”

“અરે બેટા ! તારી નહિ, તારા પપ્પાની ઉંમર પૂછું છું.”

“સર, મારા પપ્પાની ઉંમર ૮ વર્ષ જ છે.” આત્મવિશ્વાસ સાથે જવાબ આપતાં વિદ્યાર્થીએ જણાવ્યું.

શિક્ષકને લાગ્યું કે હું જે પૂછું છું તે આ બાળક સમજતો નથી. એટલે શિક્ષકે આ જ પ્રશ્ન જરા જુદી રીતે પૂછ્યો, “માનવ, તારા પપ્પાની વાત મૂક. મને એ કહે તારા મમ્મીની ઉંમર કેટલી છે ?”

“સર, ૮ વર્ષ.” વિદ્યાર્થીએ ગૌરવ સાથે જણાવ્યું.

“અરે ભાઈ ! તારી ઉંમર ૮ વર્ષ છે એ બરાબર, પણ તારાં મમ્મી-પપ્પા હંમેશાં તારા કરતાં મોટાં જ હોય. એની ઉંમર તારા જેટલી ન હોય. આવી સામાન્ય સમજ પણ નથી તને ?”

“સર, મેં બરાબર વિચારીને જ જવાબ આપ્યો હતો. મારા જન્મ બાદ જ મારા પપ્પા પપ્પા બન્યા અને મારી મમ્મી મમ્મી બની. એ પહેલાં તો એ માત્ર પુરુષ અને સ્ત્રી જ હતાં; એટલે એની પપ્પા-મમ્મી તરીકેની ઉંમર તો મારા જેટલી જ ગણાય ને સર !”

નાનકડા વિદ્યાર્થીની આવી સમજદારીભરી વાત સાંભળીને શિક્ષક તો ઊંડા ઊતરી ગયા અને સમાજના અનેક પ્રકારના સંબંધો વિષે વિચારવા લાગ્યા.

યાદ રાખજો, બાળકના જન્મબાદ એક પુરુષનો પિતા તરીકે અને એક સ્ત્રીનો માતા તરીકે નવો જન્મ થાય છે. સમાજના કોઈ પણ સંબંધો દ્વિપક્ષી જ હોય છે, સંબંધોનાં દરેક પાત્રો જ્યારે સંબંધ બંધાય ત્યારે જ અસ્તિત્વમાં આવે છે. સંબંધિત પાત્રોની ઉંમર પણ સમાન જ હોય છે. અને સંબંધ થતાની સાથે જ બંને પક્ષની અલગ-અલગ ફરજો અસ્તિત્વમાં આવે છે. કોઈ પણ સંબંધના કોઈ પણ પાત્ર પોતાની ફરજ ચૂકે છે પછી જ સંબંધમાં ઓટ આવે છે. હા, ક્યારેક શંકા-કુશંકા કે કોઈ ગેરસમજ પણ સંબંધમાં તિરાડ પાડી શકે છે.

વહાલા ભક્તો ! આપણે પણ કુટુંબમાં પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, જેવા સંબંધોથી અને સમાજમાં પણ મિત્ર-મિત્ર, શિક્ષક-વિદ્યાર્થી, શેઠ-નોકર જેવા સંબંધોથી અને સત્સંગમાં પણ ગુરુ-શિષ્ય, ગુરુભાઈ-ગુરુભાઈ જેવા અનેક પ્રકારનાં સંબંધોથી જોડાયેલા છીએ, તેથી આપણે પણ જે તે સંબંધના આપણા પાત્ર પ્રમાણે અનેક પ્રકારની ફરજો બજાવવાની થાય છે. જો આપણે આપણી ફરજ પૂરેપૂરી નિષ્ઠાથી બજાવીશું તો સંબંધોનો પૂરેપૂરો લાભ તથા હૂંફ, બળ, પ્રેમ દરેકને મળશે. ●●●


Happy Raksha Bandhan



## "પ્રેરક પ્રસંગ"

# સાચી દિશાનું મહત્વ...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ભાઈ રેલ્વે સ્ટેશને ઊતર્યો. સાથે એક મોટી વજનદાર બેગ હતી. એમને જ્યાં જવાનું હતું તે સ્થળ સ્ટેશનથી થોડું દૂર હતું, એટલે સ્ટેશનથી બહાર આવી એક ટેક્સીવાળાને એડ્રેસ બતાવી કહ્યું કે, મારે આ જગ્યાએ જવું છે, કેટલું ભાડું થશે ?

ટેક્સીવાળાએ કહ્યું : "૧૦૦ રૂપિયા."

એટલે આ ભાઈ જરા અક્કડાઈથી કહે, "આટલું નજીક જવાનું છે ને સો રૂપિયા ? તમે લોકો મુસાફરોને લૂંટવા જ બેઠા છો કે શું ? નથી મારે ટેક્સી કરવી, હું ચાલીને જતો રહીશ."

ટેક્સીવાળાએ બહુ નમ્રતાથી કહ્યું : "જેવી તમારી મરજી." એમ કહી એ જતો રહ્યો.

એટલે આ ભાઈ પોતાની બેગ ઉપાડીને ચાલવા માંડ્યો. ઘણું ચાલ્યો ને છેવટે થાક્યો, એટલે એક વડીલને એડ્રેસ બતાવીને પૂછ્યું કે, "આ સ્થળ કેટલુંક દૂર છે ?"

ત્યારે વડીલ એડ્રેસ જોઈને કહે : "અરે ભાઈ, આ તો તમે ઊંધી દિશામાં જાવ છો. તમારે જ્યાં જવાનું છે તે તો પેલી સાઇડમાં છે. હવે તો તમારે ચાલ્યા તેટલું ડબલ રીટર્ન જવું પડશે."

આ ભાઈ ખૂબ થાકેલો ને ચાલીને જવાય તેવી પરિસ્થિતિ ન હતી, એટલે ટેક્સીની વાટ જોવા લાગ્યો.

ત્યાં ફરી એ જ ટેક્સીવાળો આવ્યો કે જેણે એમને ૧૦૦ રૂપિયા ભાડું કહ્યું હતું. એટલે જરા ઢીલા અવાજે ટેક્સીવાળાને પૂછ્યું, "અરે ભાઈ, મેં અડધા ઉપરનું અંતર તો કાપી નાખ્યું છે, હવે તું કેટલા રૂપિયા લઈશ ?"

ટેક્સીવાળાએ કહ્યું કે, "૨૦૦ રૂપિયા."

એટલે જરા અચકાઈને કહે, "પહેલા તો તેં ૧૦૦ રૂપિયા કીધા હતા ને હવે ૨૦૦ રૂપિયા ?"

ટેક્સીવાળો કહે : "અરે ભાઈ, તમે અત્યાર સુધી ચાલ્યા તે બરાબર છે, પણ તમારે જે દિશામાં જવાનું હતું તેનાથી ઊંધી દિશામાં ચાલ્યા છો. માટે હવે તમારે જ્યાં જવાનું છે ત્યાં પહોંચવા માટે ડબલ અંતર કાપવું પડશે. માટે ભાડું પણ ડબલ થશે."

આ ભાઈ મનમાં ઘણો અકળાયો, પણ બીજો કોઈ રસ્તો હતો નહિ એટલે ચૂપચાપ ટેક્સીમાં બેસી ગયો ને કહે, "કાંઈ વાંધો નહિ મને ત્યાં મૂકી જાવ." આમ છેવટે એ જ કરવું પડ્યું. જો પહેલાં જ ૧૦૦ રૂપિયા આપી દીધા હોત તો સમય અને પૈસા બંને બચત ને હેરાન પણ ન થાવું પડત.

વહાલા ભક્તો ! આ પ્રસંગ પરથી આપણે એ બોધ લઈએ કે આપણે કાંઈપણ કાર્ય કરીએ, તે જો યોગ્ય દિશામાં હશે તો જ સફળતા મળશે; નહિતર સમય, સંપત્તિ અને મહેનત બધું હોવા છતાં અંતે પસ્તાવું પડશે.

આપણે આધ્યાત્મિક માર્ગના મુસાફરો છીએ, ભગવાન સુધી પહોંચવાનું છે. એ રસ્તો આપણા માટે અજાણ્યો છે. પરંતુ વહાલા મહારાજની કૃપાથી આપણને એવા ભોમિયા મળ્યા છે કે જે આપણને જરૂર ભગવાન સુધી પહોંચાડી દેશે. બસ આપણે કરવાનું એટલું જ છે કે આપણી બુદ્ધિનું ડહાપણ મૂકી એ બતાવે તે રાહ પર ચાલવાનું છે, પણ જો આપણી બુદ્ધિ વાપરીને ડહાપણ કર્યું તો જરૂર ભૂલા પડી જવાશે ને પસ્તાવું પડશે. માટે સાવધાન...

# ભગવન્નામ–શ્રદ્ધા

લેખક : સાધુ વર્ણિવેષદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક ગામમાં એક સાધુ મહારાજ રહેતા હતા. આ સાધુ મહારાજ જ્યાં જાય ત્યાં નામ-જપ પર ખૂબ જ વાતો કરતા. લોકો તેમની ભગવાન પરત્વેની આવી શ્રદ્ધા જોઈને દોડી દોડીને તેમનો સમાગમ કરવા માટે આવતા. વળી, તેમાંથી ઘણા તો ઘર-સંસાર છોડી આજીવન તેમના શિષ્ય બની જીવન સમર્પિત કરતા.

એકવાર ગુરુ મહારાજે શિષ્યોને ભગવન્નામનો મહિમા કહેતાં કહ્યું કે, 'જો ભગવાનના નામમાં શ્રદ્ધા હોય તો હરિનું નામ લેવા માત્રથી જ મનુષ્ય સર્વે સંકટથી પર થઇ જાય છે.' આ વાત સાંભળીને એક શિષ્ય તો ખૂબ જ ઉમંગમાં આવી ગયો. જાણે કે તેને દરેક સંકટથી બચવાનો રામબાણ ઇલાજ મળી ગયો ન હોય ! આ સાધુ (શિષ્ય) પ્રતિદિન ભિક્ષા માટે બીજા ગામ જતા હતા. બીજે ગામ જવા માટે તેમને નદી ઓળંગવી પડતી, અને તે નદી પાર કરવાના નાવિકને પાંચ રૂપિયા આપવા પડતા.

એક દિવસની વાત છે. આ સાધુરામ ભિક્ષા માટે જઈ રહ્યા હતા. તે જ દિવસે નદીમાં પૂર આવ્યું હતું. તેથી નાવિકે નદી પાર કરાવવાની ના પાડી દીધી, ત્યારે તે સાધુને પોતાના ગુરુએ આપેલો ઉપદેશ યાદ આવી ગયો કે, 'શ્રીહરિનું નામ જપવાથી જ સર્વે સંકટથી બચી જવાય છે.' સાધુએ વિચાર્યું કે, જો ભગવન્નામથી જ બધાં સંકટ ટળી જતાં હોય, તો નદી પાર કરવી તે કોઈ મોટી વાત નથી; પરંતુ તેમાં તેને સંશય થયો કે, કદાચ ડૂબી ગયો તો..!! તેથી તેણે પોતાના ગુરુને પૂછવાનું પસંદ કર્યું.

પછી તે સાધુરામ પોતાના ગુરુ પાસે ગયા અને ગુરુજીને કહ્યું, 'ગુરુજી ! આજે નદીમાં પૂર આવ્યું છે. તેથી નાવિક નદી પાર કરાવવાની ના પાડે છે, તો હવે શું કરવું ?'

ત્યારે ગુરુજીએ કહ્યું કે, 'કાંઇ નહિ, જેવી મારા હરિની ઇચ્છા..! આજે પાણી પર ગુજરાન કરી લેશું.' પરંતુ શિષ્યને આ મંજૂર ન હતું. તેથી તેણે પૂછ્યું કે, 'ગુરુજી ! તમે કહેતા હતા કે પ્રભુનામથી સર્વ સંકટ ટળી જાય, તો પ્રભુના નામથી નદી પાર ન થઈ શકે ?' ગુરુજીએ કહ્યું કે, 'ચોક્કસ થઈ શકે. શ્રદ્ધા અને વિશ્વાસ સાથે લીધેલા નામથી સર્વે દુ:ખ ટળે છે, તો પછી નદી પાર કરવા માટે તો કોઈ સંશય જ નથી.'

પછી ગુરુજીની આ વાત સાંભળી શિષ્ય તરત નદી કાંઠે પહોંચ્યો. તેને નામ-જપ પર પૂર્ણ વિશ્વાસ તો ન હતો, પરંતુ સંશયયુક્ત બુદ્ધિ સાથે તેણે પ્રયત્નો ચાલુ કર્યા. તે નદીમાં ઊતરવા લાગ્યો, પણ હરિનામનો કોઈ પ્રભાવ દેખાયો નહીં. છેવટે પાણીની મોટી લહેરથી તે ડૂબવા લાગ્યો.





Happy Raksha Bandhan

અંતઃકરણમાં પોતાના ગુરુ સાથે અને નામ-જપ સાથે યુદ્ધ થવા લાગ્યું. છેવટે ડૂબકી ખાતાં ખાતાં ઘણા પ્રયત્ને કિનારે પહોંચ્યો. હવે તેને ગુરુ પર ખૂબ જ ગુસ્સો આવવા લાગ્યો. ગુરુ પાસે જઈને પોતાની બધી આપવીતી જણાવીને કહ્યું, ‘લો, આ તમારી કંઠી અને માળા. હવે હું તમારા આ પાખંડને દુનિયા સમક્ષ ખુલ્લું પાડીશ.’

આ સાંભળી ગુરુ શાંતિથી હસવા લાગ્યા. તેથી શિષ્ય વધારે ગુસ્સે થઈ ચાલતો થયો. પાછળ પાછળ પોતાના ગુરુ પણ ચાલવા લાગ્યા. નદી કાંઠે પહોંચ્યા. નદીમાં તો પૂર આવ્યું હતું. તેથી નદી તોફાને ચડી હતી. તે જોઈ શિષ્ય કિનારે બેસી નદીનું પૂર શાંત થાય તેની રાહ જોવા લાગ્યો. તેવામાં તેના ગુરુ આવ્યા અને સીધા નદીમાં ઊતરી ગયા. નદીએ ગુરુને જવાનો રસ્તો કરી દીધો. આ બધું શિષ્યએ જોયું અને દિગ્મુઢ બની ગયો.

**જો શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણ સાથે ગુરુજનોને અનુસરવા લાગે તો નામજપના ફાયદા પણ થવા લાગે અને તોફાની જગતમાં શાંત સ્વરૂપ પરમાત્માના અનુભવો પણ થવા લાગે.**

પછી તરત જ તેને પોતાની ભૂલનો અહેસાસ થવા લાગ્યો અને ખૂબ જ પશ્ચાત્તાપ સાથે નદીમાં કૂદી પડ્યો. આ વખતે તેને પોતાના જીવનની ન તો કોઈ પરવાહ હતી કે ન તો કોઈ સૂધબૂધ..! નદી પાર કરી તે ગુરુના ચરણોમાં ઢગલો થઈ ગયો અને ખૂબ જ ક્ષમાયાચના કરવા લાગ્યો. સાધુ મહારાજે તેને ઉઠાવી ગળે લગાવી લીધો. પછી જ્યારે શિષ્યને સૂધબૂધ આવી અને પાછું વળીને જોયું તો નદી પહેલાની જેમ જ તોફાને ચડેલી જોઈ. તેથી શિષ્યએ આશ્ચર્યપૂર્વક ગુરુજીને પૂછ્યું, ‘પહેલા મેં હરિનામ લીધું હતું તોપણ ડૂબી ગયો. અને અત્યારે મેં કોઈ નામ લીધું ન હતું તોપણ નદી પાર કરી ગયો; આનું શું રહસ્ય છે ?’

ગુરુજીએ કહ્યું કે, ‘પહેલીવાર તમે નદી પાર કરી રહ્યા હતા ત્યારે નામ-જપમાં શ્રદ્ધા નહિ પરંતુ સંશય હતો. અને આ વખતે તમે નામ-જપથી મને નદી પાર કરતા જોયો, તેથી તમને તમારી ભૂલનો અહેસાસ થયો અને પોતાના જીવનની પરવાહ કર્યા વગર સમર્પણ કરી દીધું અને નદીમાં કૂદી પડ્યા, આ છે શ્રદ્ધા...!’



જીવનમાં જ્યારે નાની-મોટી ઘણી પરિસ્થિતિઓ આવે, આધ્યાત્મિક માર્ગનાં ઘણાં સૂત્રોને આંબી ન શકાય, ત્યારે પોતાની ભૂલ સમજવાને બદલે પોતાને મળેલા ગુરુજનોમાં મુમુક્ષુ ભૂલો જોવા લાગી પડે છે; પરંતુ જો શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણ સાથે ગુરુજનોને અનુસરવા લાગે તો નામજપના ફાયદા પણ થવા લાગે અને તોફાની જગતમાં શાંત સ્વરૂપ પરમાત્માના અનુભવો પણ થવા લાગે. ●●●



# પ્રાર્થનાનું પલ્લું ભારે

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગરીબ બહેન ભગવાનનાં ભક્ત હતાં. તેમના પતિને મહિનાઓથી પેરાલિસિસ થયો હતો, તેથી પથારીવશ હતા. ઘરમાં બીજું કોઈ કમાણી કરનાર હતું નહીં. એક વખત તેમણે પોતાના બાળકોને કહ્યું કે, ‘હું તમને જન્માષ્ટમીના દિવસે સરસ વાનગીઓ જમાડીશ.’ તેમને ખાતરી હતી કે ભગવાન જરૂર મારા બાળકો માટે સરસ ભોજન પૂરું પાડશે.

તે બહેન કરિયાણાની દુકાને ગયાં. ત્યાં દુકાનદારને વિનંતિ કરતાં કહ્યું, ‘તમે મારા બાળકોના ભોજન માટે કાંઈક સીધું આપશો ?’ દુકાનદારે પૂછ્યું, ‘તમારે કેટલા રૂપિયાનું સીધું જોઈએ છીએ ?’ બહેને કહ્યું, ‘હું અતિ ગરીબ છું, મારા પતિ ઘણા દિવસથી બીમાર છે; ખરેખર મારી પાસે પ્રાર્થના સિવાય બીજું કાંઈ જ નથી.’

ત્યારે નાસ્તિક દુકાનદારે મજાક કરતાં કહ્યું, ‘તમારી પ્રાર્થના એક ચબરખી પર લખીને આ ત્રાજવામાં મૂકો, હું તેની ભારોભાર તમને સીધું આપીશ.’ બહેને સહેજ પણ અચકાયા વિના પોતાના પાકીટમાંથી ગળી વાળેલ એક ચબરખી કાઢીને આપતાં કહ્યું, ‘લો ભાઈ, મેં ગઈ રાતે ભગવાનને આ પ્રાર્થના લખી છે.’ ચબરખીમાં લખ્યું હતું કે, **‘હે ભગવાન ! મારે એક તમારો જ આશરો છે, માટે તમે મને મારા બાળકોના ભોજન માટે જરૂર સીધું-સામગ્રી આપશો.’**

દુકાનદારે ચિઠ્ઠી વાંચી ને હસતાં હસતાં તે ત્રાજવાના એક પલ્લામાં મૂકી. બાજુના પલ્લામાં લોટનું એક પેકેટ મૂક્યું, પણ ચિઠ્ઠીવાળું પલ્લું સહેજ પણ ઊંચું ન થયું. તેણે બીજી વસ્તુઓ મૂકી છતાં ત્રાજવામાં કોઈ ફેરફાર ન થયો. તેને ખૂબ આશ્ચર્ય થયું. તે દુકાનદાર નાસ્તિક પણ ઇમાનદાર હતો, તેથી કહ્યું, ‘બહેન, આ શું થઈ રહ્યું છે ? તે મને સમજાતું નથી; પણ મેં વચન આપ્યું છે, માટે તારે જેટલું જોઈએ તેટલું લઈ લે. કારણ કે આ તારી **પ્રાર્થનાની ચબરખી તો મારી દુકાનના બધા સામાન કરતાં પણ ભારે છે.’** ત્યારે તે બહેન જેટલું પોતાને જોઈતું હતું, તેટલું જ લઈને ભગવાનનો આભાર વ્યક્ત કરતું ભજન ગાતાં ગાતાં પોતાને ઘરે ગયાં.

પછી દુકાનદાર પણ ભગવાનને કરેલ પ્રાર્થનાનો આવો પ્રતાપ જોઈને આસ્તિક થયો ને ભગવાનનો ભક્ત બની ગયો.

વહાલા ભક્તો, સાચા દિલથી કરેલ પ્રાર્થના ભગવાન જરૂર સાંભળે છે, અને એટલે જ શ્રીહરિલીલામૃતમાં આચાર્ય વિહારીલાલજી મહારાજ કહે છે,

**દુઃખ હરિજનનું દિલે ધરે છે,**
**સુખનિધિ શ્યામ સહાયતા કરે છે;**
**તદપિ ભજન જે કરે ન ભાવે,**
**નહિ નરજાતિ કુજાતિ તે કહાવે.**

વળી, શ્રીહરિચરિત્રામૃત સાગરમાં સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામી કહે છે કે,

**देह दिये श्रीहरिवर जोउ, अन्न वसन देवत हे सोउ ।**
**ताकु नहीं संभारत प्रानी, तेहिकर दुःखी होत हेरानी ।।**

વહાલા ભક્તો, આપણા વહાલા મહારાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન ભક્તવત્સલ છે. તે આપણાં દુઃખ, સંકટ, મુશ્કેલી વગેરેમાં જરૂર સહાય કરે છે, પરંતુ ક્યારે ? જ્યારે આપણે બીજા બધા આધાર છોડીને સાચા દિલથી એક ભગવાનને જ આર્તનાદથી પોકારીએ ત્યારે. માટે **સંકટમાં આપણી બુદ્ધિ, ધન, સત્તા વગેરેનું બળ છોડી મહારાજને પોકારવા.** ●●●



Happy RakshaBandhan



# કાનના કાચા

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



આજકાલ આપણા કાન બહુ નબળા છે. કોઈ પણ વાત સાંભળીએ ત્યારે ફુલાઈએ છીએ અથવા કરમાઈએ છીએ. પોતાની કેપેસિટિ કરતાં આપણી પોઝિટિવ વાત વધારે સાંભળીએ તો ફુગ્ગાની જેમ ફૂટી જઈએ અને જો નેગેટિવ વાત સુણીએ તો જવાસાના છોડની જેમ કરમાઈ જઈએ છીએ. આ વાતને સમજાવતી વાર્તા સાંભળીએ.

સુરત શહેરમાં રવિ પોતાનો આઇટી સોફ્ટવેરનો બિઝનેસ ચલાવી રહ્યો હતો અને બિઝનેસ પણ સારો ચાલી રહ્યો હતો. એકવાર એવું બન્યું કે દેશકાળ નબળા હોવાથી મંદીનો માહોલ સર્જાતાં રવિના બિઝનેસમાં નફો દેખાતો ન હતો. રવિ બિઝનેસને ફરીથી ઉપર લાવવાના ઉપાયો શોધી રહ્યો હતો.

રવિ દરરોજ રિસર્ચ કરતો અને તેને અપ્લાય કરતો, પણ કોઈ સફળતા દેખાતી ન હતી. તેવા સમયે તેને દિલ્હીની કંપની સાથે કોન્ટેક્ટ થયો. તે કંપની બિઝનેસ ગ્રોથ માટે ગ્રાહકો લાવવાની સર્વિસીસ સમજાવતી હતી. રવિનો બિઝનેસ યોગ્ય રીતે ન ચાલતા તે લાચાર હતો, તેથી તેણે આ કંપનીમાં રસ દર્શાવ્યો. તેણે તેના એક નજીકના મિત્રની સલાહ લીધી. તેના મિત્રએ કહ્યું કે, ‘આપણે આમ અજાણી વ્યક્તિની વાતમાં આવીને વ્યવહાર ન કરવો જોઈએ’, પણ સંજોગવશાત્ રવિએ તે માન્યું નહીં.

કંપની સાથે વાતચીત થતાં રવિને ખબર પડી કે આ કંપનીના 3 પાર્ટનર્સ છે અને તેઓ 30 જ દિવસમાં કોઈ પણના બિઝનેસમાં ગ્રોથ લાવી શકે છે. આ બધી સર્વિસ માટે તેઓ ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિને ચાર્જ લે છે. વળી, જ્યાં સુધી ગ્રોથ ન દેખાય, ત્યાં સુધી બીજા મહિનાના બીજા ૪૦,૦૦૦ રૂપિયા ભરવાની જરૂર રહેશે નહીં.

આ બધી વાતચીત પછી રવિ કાનનો કાચો હોવાને કારણે તેણે કંઈ જ વિચાર્યા વિના તરત જ વિશ્વાસ મૂકી દીધો અને આગળની પ્રોસેસ શરૂ કરી દીધી. 3 દિવસમાં જ બધી પ્રોસેસ પૂર્ણ કરીને ૪૦,૦૦૦ રૂપિયા ચૂકવી દઈને ખુશ થયો. હવે તો તે તેના બિઝનેસમાં ગ્રોથ આવવાની રાહ જોવા લાગ્યો; પણ આશ્ચર્ય ! ૨ મહિના થઈ ગયા તોપણ કંપની તરફથી કોઈ જ રિસ્પોન્સ મળ્યો નહીં. હવે રવિ ચિંતિત થયો અને તેણે કંપનીનો કોન્ટેક્ટ કરવાનો ખૂબ પ્રયાસ કર્યો, પણ હવે કોઈ રવિના કોન્ટેક્ટમાં રહ્યું નહોતું. ખૂબ મહેનત કર્યા બાદ રવિને ખબર પડી કે એ કંપનીની કોઈ પણ માહિતી સાચી ન હતી અને તેની સાથે દગો થયો છે.

હે મારા વહાલા ! હું જન્મોજન્મથી કાનનો કાચો હોવાથી અપાર દુઃખી થયો છું અને થાવ છું, પણ હવે મારે દુઃખી નથી થવું. હું જ સાંભળવામાં કાચો છું, તેથી જેવી જોઈએ એવી આપની નિષ્ઠા, જેવો જોઈએ તેવો મહિમા-હેત-ભાવ દૃઢ થતો નથી. હવે તો તમારા અને તમારા લાડલા સત્પુરુષના વચનથી વિરુદ્ધ બોલે તેનું તો માનવું જ નથી, ભલે ને તે મારો મિત્ર જ હોય; પણ હવે આ ને આ જન્મે તમને અને તમારા જે વહાલા હોય તેમને રાજી કરવા જ છે ને આપને પામવું જ છે. ●●●

# નિશ્ચયનું બળ..!!

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક દિવસ શ્રીજીમહારાજ શ્રીવડતાલ મધ્યે ગોમતીજીને કાંઠે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે મુક્તાનંદ સ્વામીને અદ્ભુતાનંદ સ્વામી કહે જે, “આપણને દોઢસો સાધુને મહારાજે સુરત મોકલ્યા હતા. તે દિવસે વિમુખની સાથે બોલવાની બંધી કરી હતી. ને અમે ફરતાં ફરતાં સુરત ગયા ને ત્યાં એક વાડીમાં ઊતર્યા. ને અમે ગામમાં ભિક્ષાવૃત્તિ કરી લાવીએ ને જમીએ.

એ સમયે બધા સાધુ માંદા થયા અને હું એક સાજો હતો. તેથી સર્વે સંતની સેવા કરું. તે કોઈ સંતને રાબ જોઈએ અને કોઈ સંતને રોટલો જોઈએ. તે ગામમાં સાંખ્યયોગી બાઈઓને ખબર કરાવું, એટલે તે કરી લાવે. વળી, ત્યાં સંતોનો એક કૂવો હતો. તેનું થાળું બાંધીને ત્રણ દેગડીઓ ઊનું પાણી રેડું ને બીજું ટાઢું નાખું; એવી રીતે સંતોને નવરાવું ને જમાડું. આમ સેવા કરતાં કરતાં ત્રણ સંત તો ભગવાનના ધામમાં ગયા. તેમનાં નામ : એક અખિલબ્રહ્માંડેશ્વરાનંદ સ્વામી, બીજા શ્રીવિક્રમાનંદ સ્વામી ને ત્રીજા પ્રભવાનંદ સ્વામી; એ ત્રણેય સંતે ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને એમ કહ્યું જે, ‘આ મહારાજ તેડવા આવ્યા છે ને અમે અક્ષરધામમાં જઈએ છીએ.’ એવી રીતે કહીને બધા ધામમાં ગયા. ત્યાર પછી સર્વે સંતો સાજા થયા. વળી, કોઈકે સંતોની ઝોળીમાં ઝેર નાંખ્યું, ત્યારે પણ મહારાજે સંતોની રક્ષા કરી ને સાજા કર્યા. પછી સંતો હરિજનોને કથાવાર્તા કરવા મંડ્યા.

તે સમયે ત્યાં એક ધ્યાનાનંદ કરીને સાધુ હતા. તે આકરા વર્તતા. તેથી પોતાના સ્વભાવને વશ થઈને સત્સંગ મૂકીને નીકળી ગયેલા, પણ સ્વામિનારાયણનો નિશ્ચય ત્રણેય અવસ્થામાં પેઠેલો. તેથી પાંચ-પચીસ ગાઉ જાય ને ત્યાં કોઈ સ્વામિનારાયણનું નામ લે એવો કોઈ ન દેખાય, ત્યારે અકળાઈને વળી પાછા જ્યાં સ્વામિનારાયણનું નામ લેવાતું હોય એવા સત્સંગી જ્યાં હોય ત્યાં આવીને રહે. તે સાધુ (અદ્ભુતાનંદ સ્વામી કહે જે,) અમે જ્યાં ઊતર્યા હતા ત્યાં આવીને બેસવા મંડ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ‘તમારી સાથે અમારે બોલવાની પણ આજ્ઞા નથી.’ ત્યારે તે સાધુ કહે જે, ‘તમે કહો તો આ દૂર જે લોકો ઊભા છે, ત્યાં હું ઊભો રહું ને તમારાં દર્શન કરું.’ ત્યારે સ્વામીએ કહ્યું



ભગવાનનો દૃઢ નિશ્ચય રાખીશું
અને પોતાના જ દોષો જોઈશું
અને સંતો-ભક્તોના ગુણ જ લઈશું;
તો આપણે પણ મહારાજને પામી જઈશું.



જે, 'ઠીક.' તેથી તે સાધુ છેટે ઊભા રહે, ને લોકોને વાતો કરે ને કહે જે, 'આ સાધુ તો સોનાની થાળી જેવા છે, ને હું તો લોઢાના ખીલા જેવો છું.' એવી રીતે દોઢ મહિના સુધી વાતો કરીને ઘણાને સત્સંગ કરાવ્યો. તેથી સંત સર્વે એમના ઉપર રાજી થયા. જ્યારે અમને 'મહારાજ વડતાલ આવ્યા છે' એવા સમાચાર મળ્યા, એટલે અમે વડતાલ જવા નીકળ્યા ત્યારે તે ધ્યાનાનંદ સ્વામીને પણ અમારી સાથે તેડી લાવ્યા.

જ્યારે અમે વડતાલ પહોંચ્યા ત્યારે મહારાજ ગોમતીજીને કાંઠે સભા કરીને વિરાજમાન હતા. ને હજારો સંત તથા હરિજનો બેઠા હતા. તે સમે ધ્યાનાનંદ સ્વામી મહારાજને હાથ જોડીને કહે જે, 'હે મહારાજ ! કાં તો મારો નિશ્ચય તોડી નંખાવો તો હું જ્યાં ત્યાં કંઈક કાળું મોઢું લઈ પડ્યો રહું. ને આ તમારા સંતો તો સોનાની થાળી જેવા છે ને હું તો લોઢાના ખીલા જેવો છું. તે તમારા સંતને લાજ પમાડું છું.'

એવું વચન એ સાધુનું સાંભળીને મહારાજ મુક્તાનંદ સ્વામીને પૂછતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે જે, 'હે મહારાજ ! એનો નિશ્ચય તો એવો છે, ને અમે કહ્યું જે, છેટા ઊભા રહો તો છેટે દોઢ માસ ઊભા રહી ઘણા કુસંગીને સત્સંગી કર્યા.' એવી રીતનું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળીને મહારાજ તેની ઉપર દયા કરીને કહે જે, 'હે ધ્યાનાનંદજી, તમે સત્સંગમાં રહો.' ત્યારે તે ધ્યાનાનંદ સ્વામી કહે જે, 'હે મહારાજ ! તમે તો મને રાખો છો, પણ મારો સ્વભાવ મને રહેવા દેતો નથી.' ત્યારે મહારાજ કહે જે, 'રહો, હવે રહેવા દેશે.' ત્યારે તે સાધુ રહ્યા. ને અઢી મહિના સત્સંગમાં રહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. એવી રીતે નિશ્ચયનું બળ હતું, તો મોક્ષ થયો."

વહાલા ભક્તો ! ધ્યાનાનંદ સ્વામીનો સ્વભાવ આકરો હતો, પરંતુ ભગવાનનો નિશ્ચય દૃઢ હતો ને સંતોનો ખૂબ જ મહિમા હતો. વળી, તેઓ પોતાના જ દોષો જોતા હતા ને સંતોના તો ગુણ જ જોતા. તેથી સંતોનો રાજીપો થયો ને મહારાજના આશીર્વાદથી સત્સંગમાં સુખે રહ્યા અને મહારાજને પામ્યા. જો આપણે પણ ધ્યાનાનંદ સ્વામીની જેમ ભગવાનનો દૃઢ નિશ્ચય રાખીશું અને પોતાના જ દોષો જોઈશું અને સંતો-ભક્તોના ગુણ જ લઈશું; તો આપણે પણ મહારાજને પામી જઈશું. ●●●



# સીમાનો સ્વીકાર = અપેક્ષાનો અંત

લેખક : સાધુ સંકીર્તનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

મીડલ ક્લાસનું મોહનકાકાનું કુટુંબ એટલે નાનું કુટુંબ - સુખી કુટુંબ; પણ છેલ્લા એક વર્ષથી આ પરિવાર ઉપર જાણે કે આભ તૂટ્યું...! પ્રેમલગ્ન પછી ઘરમાં આવેલી નાના દીકરા માનવની પત્ની 'અપેક્ષા' એટલે ખરેખર અપેક્ષાનો ગિરનાર... મોર્ડન યુગના મેડમનો રૂમ એટલે મીની બ્યુટીપાર્લર. આખો દિવસ ધંધાની ધમાલમાંથી થાકીને ઘરમાં પ્રવેશતા જ માનવને લાગતું જાણે કે, અપેક્ષાની અદાલતમાં તે આવી ગયો અને ડાઇનિંગ-ટેબલ રૂપી કઠોડીમાં બેસતાં જ Hearing(સુનાવણી) શરૂ.

માનવ ! હું મારા વર્કફ્રોમ હોમની અડધી Income આ ઘર માટે આપું છું, છતાં બધા નિર્ણયો મમ્મી અને તૃપ્તી ભાભી જ કેમ કરી લે છે ? કાલે જ મમ્મીના કહેવાથી મેં LGનું લેટેસ્ટ ઓવન સર્ચ કર્યું, છતાં તૃપ્તી ભાભી સાવ ચીલાચાલુ ઓવન લઈ આવ્યા. ઘરમાં મહેમાન આવે તો રસોઈનો ચાન્સ ભાભીને જ..! અને મારી પર્સનલ ખરીદી ઉપર પણ ભાભીની હંમેશાં વોચ હોય જ, અને ઉપર જતાં ગમે તેની સામે મને પ્રીન્સેસ કહીને ચીડાવે. શું મારી પર્સનલ પસંદ ન હોય ? અને તને પણ મારા માટે સમય જ ક્યાં છે ? છેલ્લા છ મહિનાથી મનાલી જવાનું કહું છું છતાં એક જ શબ્દ મંદી...! મંદી...! લગ્ન પહેલાં તું મને જન્નતનું સુખ આપવાનું કહેતો, પણ મને તો સમજાતું જ નથી કે હું જન્નતમાં જીવું છું કે જેલમાં..?

અપેક્ષાની આ રોજની કચકચથી કંટાળી 'બકવાસ બંધ કર...' બોલતાંની સાથે જ માનવ જમવાનું અધૂરું છોડી બેડરૂમમાં જઈ સૂઈ ગયો. પરંતુ રસોડાની આ તમામ રામકાણ મમ્મીએ કાનોકાન સાંભળી લીધી. સવારે દુકાન પર થોડું એકાંત મળતાં જ મોહનભાઈએ માનવને બોલાવી કહ્યું, 'બેટા ! હું જાણું છું તું અને અમે બધા અપેક્ષાથી દુ:ખી છીએ, અને અપેક્ષા પણ દુ:ખી છે. તારા લગ્ન સમયે તારી જીદ સામે તો હું કાંઈ ન બોલ્યો પણ તારી આ હાલતનું મને એક જ સોલ્યુશન દેખાય છે.'

'એ શું પપ્પા ?' માનવે નમ્રતાથી પૂછ્યું.

'તને યાદ છે અમારી પસંદ ?'

'હા, તૃપ્તી ભાભીની જ નાની બહેન સીમા.'

'હા માનવ ! એ કુટુંબના સંસ્કાર સારા છે. માટે મારું માન તો હવે સીમાનો સ્વીકાર એ જ આપણા કુટુંબનો ઉદ્ધાર મને લાગે છે.'

પપ્પાના આ પ્રસ્તાવને માનવ મંદહાસ્યથી સ્વીકારે છે ત્યાં જ તેના સસરાનો વોટ્સએપમાં Voicenote આવ્યો. 'માનવ ! હું મારી દીકરીને દુ:ખી જોવા નથી માગતો. તારી સાથે તેનું ભવિષ્ય





મને સારું નથી જણાતું, માટે આજથી અપેક્ષા તારું ઘર છોડવા ઇચ્છે છે.'

વહાલા ભક્તો ! ઉપરોક્ત રૂપકના દૃષ્ટાંતે સમજવાનું એટલું જ છે કે જ્યાં સુધી આપણે આપણી મનગમતી અપેક્ષાઓ સાથે જોડાયેલા હોઈએ ત્યાં સુધી ખુદ આપણે કે આપણી સાથેના કોઈ શાંતિથી જીવી શકે નહીં. અપેક્ષાઓની ચુંગાલમાંથી આબાદ ઊગરવાનો એકમાત્ર ઉપાય છે : 'સ્વ-પરની સીમાનો સ્વીકાર...!'

આ દુનિયાનો કોઈ વ્યક્તિ પૂર્ણ નથી, દરેકની દરેક બાબતે એક સીમા હોય જ છે. કોઈની વધુ તો કોઈની ઓછી. અને એટલે જ આ દુનિયામાં કોઈના રેકોર્ડ કાયમી રહેતા નથી. આજે જેણે કુશળતાથી રેકોર્ડ સ્થાપ્યો તે થોડા જ વર્ષોમાં તેનાથી કોઈ વધુ કુશળ આવી તેને બ્રેક કરી નાખે છે. કોઈનામાં ધીરજ, શ્રદ્ધા, દાસત્વ, વિશ્વાસ, પ્રેમ, સમર્પણ, શૂરવીરતા, બુદ્ધિ, કાર્યકુશળતા, કળા, શારીરિક બળ વગેરેનું સ્તર ઘણું ઊંચું હોય જ્યારે કોઈની અપેક્ષાએ કોઈનું ઓછું કે નહિવત્ પણ હોય; પરંતુ **સંયુક્ત જીવનમાં દરેકની સીમાનો સ્વીકાર એ જ સંપ અને સુખનો આધાર છે.**

વ્યક્તિને જ્યાં સુધી પોતાની સીમા, કહેતાં લાયકાતનો યથાર્થ સ્વીકાર ન હોય ત્યાં સુધી અન્ય પાસે અપેક્ષા રહ્યા જ કરે કે, 'આ મારી નોંધ લે તો સારું, તેણે મારી કદર તો કરવી જોઈએ ને, (વડોદરાના મંગળિયાની જેમ) મને માનથી બોલાવે તો સારું, મને આ કાર્ય સોંપવામાં આવે તો સારું વગેરે વગેરે...' પણ ઘણી વાર આપણી સ્થિતિ કૂવાના દેડકા જેવી સીમિત હોય છે. જરૂરી નથી ગામડાની પ્રાથમિક શાળામાં પ્રથમ નંબર લાવનારને શહેરની હાઇસ્કૂલમાં પહેલી બેન્ચીસે બેસવા મળે, ત્યાં તો વચ્ચે કે છેલ્લે પણ બેસવું પડે; પણ જો પોતાને પોતાની લાયકાતનો ખ્યાલ હોય તો અપેક્ષા કે દુઃખ ન રહે. આપણું અપેક્ષિત નથી મળતું તેનો અર્થ જ એ છે કે, આપણી પાત્રતા ઓછી છે. પાત્રતા કેળવશું તો અપેક્ષાઓના આક્ષેપની જરૂર જ નહિ રહે.

એવી જ રીતે સામેનાની સીમાનો સ્વીકાર ન હોય તોપણ અપેક્ષા રહે કે, 'તેને આટલો ખ્યાલ તો આવવો જોઈએ ને, મારું આટલું તો માનવું પડે ને, મારા માટે સમય ફાળવવો જોઈએ ને, મારી આટલી ઇચ્છા પૂરવી જોઈએ ને વગેરે વગેરે...' સહુકોઈને સામેવાળી વ્યક્તિ કરતાં પોતાની અપેક્ષા જ વધુ હેરાન કરે છે, માટે અપેક્ષાની આગમાં સળગવા કરતાં સહુની સીમાને પ્રેમથી સ્વીકારી અપેક્ષાઓનો અંત આણવો એ જ આપણા માટે હિતાવહ છે. અને એટલે જ વહાલા મહારાજે શિક્ષાપત્રીમાં આપણને સહુને આજ્ઞા કરી છે કે, 'જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો. જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ સન્માન કરવું.'

પણ હા, સ્વ-પરની સીમાઓના સ્વીકાર સાથે એ સાવધાની રાખવી ખૂબ જરૂરી છે કે, આ સ્વીકાર બિનજરૂરી અશાંતિ દેનાર અને કલ્યાણમાં અવરોધક એવી અપેક્ષાઓના નિવારણ માટે છે. સત્સંગમાં સંપ અને સંતો-ભક્તોમાં દિવસે દિવસે પ્રેમ અને દિવ્યભાવ વધે તે માટે છે; પરંતુ આપણી પ્રગતિ માટે આપણામાં કોઈ પરિવર્તન લાવવા આપણા મોટેરાઓ કાંઈ અપેક્ષા રાખતા હોય ત્યારે સીમાઓની સોડ તાણી સૂઈ રહેવા માટે નથી.

ખરેખર પ્રભુને પામવા, મહારાજની આજ્ઞાઓ પાળવા, તેમના વહાલા સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરવા તેમને અપેક્ષિત દાસત્વ, ભક્તિ, શ્રદ્ધા આદિ સદ્‌ગુણોની સીમાઓને વધારતા જ રહેવું જોઈએ. ●●●

# વિનાશક વાઈરસ

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



ગુંજન ! ગઈકાલે ભાવિનભાઈએ યુવાસભામાં વાત કરી એ તને કેમ લાગી ? “કેમ રવિ, તું શું કહેવા માંગે છે ?” રવિએ આજુબાજુ જોઈને કહ્યું, “આમ તો બીજી બધી વાત સમજાય પણ મંથન વિશે... થોડું ઓવર ન લાગ્યું !” ગુંજને સહમતિ સાથે કહ્યું, “હા મને પણ થોડું એવું જ લાગ્યું કે બીજા બધાને બાદ કરતા મંથન વિષે તેમને કૂણી લાગણી ખરી. એને કાંઈક ભૂલ પડે તો તરત માફ થઈ જાય; ને આપણે થાય તો વારો પડી જાય.” રવિ કહે, “ભાવિનભાઈને મંથનના એટલા કોઈ નજીકના પ્રસંગો ન હોય; ને એ પાછો એમને જ ભાળે એટલે તેઓ પેટ ભરીને એના ગુણો ગાય; પણ બધું માપમાં હોય તો મીઠું લાગે.”

ગુંજને કહ્યું, “રવિ ! મંથનને બહારથી કોઈ ન ઓળખે, હું એને સારી રીતે જાણું છું; મંથરા જ જોઈ લો. આપણી વાત અહીંથી અહીં ને અહીંથી અહીં; સામાન્ય વાતને છેક સંતો સુધી પુગાડી દે. પોતે સેવા બહુ શ્રદ્ધાથી કરે પણ એમાં બીજો વિવેક કોઈ જ નહીં. કોઈ બિચારા સેવા ન કરી શકતા હોય એની પાસે પણ અપેક્ષા રાખ્યા કરે, ને આપણને નીચા દેખાડે. આને શ્રદ્ધા કહેવી કે... તમારું શું કહેવું પ્રકાશભાઈ ! જુઓને, તમારે પણ એની સાથે થોડા સમય પહેલાં આવી જ વાતે કાંઈક ખહરભહર નહોતું થયું !” આ સાંભળી પ્રકાશભાઈએ પણ થોડા હાસ્ય સાથે ગુંજનના સૂરમાં સૂર મેળાવી દીધો.

ગુંજનની આટલી વાત સાંભળી રવિને હવે મંથન વિશેના નેગેટિવ પ્રવાહો વહાવવાનું ખૂબ જ સેફ લાગ્યું; તેથી તે બોલવા લાગ્યો, “મારા એક જૂના પ્રસંગને તો હું ભૂલી જ નહિ શકું. એ આખો પ્રસંગ મારે નથી કહેવો પણ એમાંથી સાર કહું તો... ‘એનાથી છેટા સારા; દૂરથી ડુંગર રળિયામણા.’ અને હા, કથા તો હું પણ રેગ્યુલર સાંભળું જ છું, તેમ છતાં કોઈને ઝૂમમાં જોડવાનો એવો એને ખોટો શું દુરાગ્રહ ! સામાની પરિસ્થિતિ તો જોવી જોઈએ ને ! એનાથી શું એવો મોટો ફરક પડવાનો છે ? આવી બધી બાબતોમાં વધારે પડતી મહિમાની, રાજી કરવાની વાત તો મારી દૃષ્ટિએ વેવલાય જ કહેવાય !”

આ સાંભળી વિરલે પણ ૬ વર્ષ પહેલાંની વાત સંભારી ટમકું મૂક્યું, ‘મનેય મંથનનો એવો જ કડવો અનુભવ છે, પણ જવા દ્યોને એ વાતને !’ ગુંજને કહ્યું, ‘વિરલ ! આપણે તો છે એ જ સાચું કહેવું છે ને ! એમાં ક્યાં... અને હા, એ આપણા માટે નેગેટિવ ગુરુ.’ હવે વિરલ કહેવા લાગ્યો, “આપણે કોઈનો અભાવ નથી લેવો પણ આ તો શીખવા માટે દૃષ્ટાંતરૂપે એટલું કહું છું કે, આપણે એના જેવું ન કરવું... થોડા વર્ષ પહેલાં એવું બન્યું, પાર્ટનરશીપમાં અમે બંનેએ ધંધો શરૂ કર્યો. થોડીક જ લેતીદેતીમાં હું એને ઓળખી ગયો કે એને આપણો હરિભગત તરીકેનો વિશ્વાસ જરાય નહીં. વાતની વાતે એમ કહે, ‘આપણે લખાણ કરવું પડશે.’ ભગવાનની આજ્ઞા શિર સાટે પણ એમાં જડતા થોડી ચાલે ! કાંઈક તો લાગભાગ કે વિવેક હોવો જોઈએ ને ! સાચું કહું, પછી તો મેં છૂટું કરી નાંખ્યું. આવા બીજા પણ ઘણા પ્રસંગો છે પણ તમને કહેવાનો શો અર્થ ?”

આમ ગુંજન, રવિ અને વિરલ દ્વારા મંથન વિષેની અવનવી નેગેટિવ વાતો લગભગ પોણા કલાક સુધી ચાલી. છેવટે એમનામાં ઉપર ઉપરથી ભળી જઈને સૂર પુરાવનાર પ્રકાશભાઈ ખુલ્લા થઈ બોલવા લાગ્યા, “ગુંજન, રવિ, વિરલ ! બસ કરો. મંથન વિશેની આટલી વાતો બહુ થઈ ગઈ. હવે મને એ કહો કે તમને એનામાં સારું શું લાગે છે ? હું ત્રણ વર્ષથી એની નજીક છું પણ મને તો એના વિષે



Happy RakshaBandhan

તમારાથી સાવ ઊલટા જ અનુભવો થયા છે. પ્રભુને ખબર કે, તમારા અનુભવો સાચા કે મારા અનુભવો ?”

પ્રકાશભાઈનો એકસામટો વળાંક... અને તેમનો ચહેરો જોઈ ત્રણેય શરમીંદા બની ગયા. ‘આમ તો... આમ તો મંથનમાં બહુ સારું છે...’ આવા તેવા શબ્દોથી હવે તે થૂંકના સાંધા કરવા માંડ્યા પણ પોતાના અંતરનું ચિત્ર ઉઘાડું થઈ જવાથી સૌ શૂન્યમૌન થઈ ગયા. હવે પ્રકાશભાઈ ત્રણેયના દરેક પ્રસંગોનું વિસ્તૃત રીતે પોસ્ટમોર્ટમ કરતા બોલવા લાગ્યા, “સાંભળો ભાઈઓ ! જે એંગલથી આપણે વ્યક્તિને જોઈએ એવો એ દેખાય. માટે પ્રથમ તો એ તપાસી લેવું જોઈએ કે, હું જેના વિશે આવું બોલી રહ્યો છું, એ ખરેખર એવો છે ? કે મારો એંગલ જ એવો કાંઈક અશુદ્ધિભર્યો છે ? **જો આપણા એંગલમાં જ અશુદ્ધિ હશે તો ગમે તે દિશાથી સામેની વ્યક્તિમાં અશુદ્ધિ જ દેખાશે.** અને હા, તમારી વાતોમાં બાહ્ય રીતે જોઈએ તો તો મંથનની જ ભૂલ દેખાય પણ ઊંડું જોઈએ તો અસ્વીકાર, અભાવ, રાગ-દ્વેષ વગેરેનો આનો છેડો છેક મહારાજ સુધી ઊંચો જાય; માટે સાવધાન...”

વહાલા ભક્તો ! પ્રસ્તુત લેખ એક પ્રેરણાદાયી કલ્પનાચિત્ર છે. તેને અહીં જ પૂરો માની આપણે પણ આ પ્રસંગે પોતાને અડતી-સ્પર્શતી બાબતો ચકાસી લઈએ કે, હું પણ કોઈકને વિશે આવી નેગેટિવિટી ધરાવતો નથી ને ! પોતાનો દાણો દબાતાં સામાના ગુણ અને સદ્‌ભાવનાને અવગુણ, દુરાગ્રહ કે અપેક્ષારૂપે નથી જોતો ને ! વળી, આવડો મોટો સત્સંગ છે. બની શકે, ક્યારેક કોઈ વ્યક્તિ કોઈના વિશે નેગેટિવિટી દર્શાવવા માંડે... એ સમયે હું તેમાં ટમકું મૂકીને જોડાઈ જતો નથી ને ! કોઈની વાત સાંભળીને તેના વિશે પોતાની શંકા કે કલ્પના મુજબ ભખભખ બોલી નાખવાનું પાપ તો નથી કરતો ને ! રાગ-દ્વેષમાં, બરોબરિયાપણામાં, અસ્વીકારમાં કે દેહભાવમાં કોઈના અવગુણ ગાઈ એ ઝેર પીતો-પાતો નથી ને ! યાદ રહે, આપણી આ નેગેટિવિટીથી ભરેલી દરેક પ્રવૃત્તિ ન તો કેવળ આપણું પતન કરશે, પરંતુ આપણા સંપર્કમાં આવનાર દરેક સભ્યોને આ ઝેરની ઓછી-વત્તી અસર આવશે; ને તેનું પાપ આપણને લાગશે. માટે શ્રીહરિના લાડીલા સંતો-ભક્તો વિશે કાંઈપણ બોલતા કે વિચારતા પહેલાં સો વાર વિચારવું.

શ્રીહરિએ તો કાંઈક દોષ-સ્વભાવ હોય તોય એને ન જોવાનું કહ્યું છે ને આપણે જેનામાં એવું કાંઈ જ નથી એવા પવિત્ર સંતો-ભક્તો વિશે આવી કલ્પના કરીશું કે અન્યના કોરા મગજમાં એ વાઇરસ સમા ખોટા ડેટા નાખીશું તો એમાં કોઈનું ભલું નહિ થાય. વળી, આપણે કોઈને દોષિત માનીને એ જ દૃષ્ટિથી એને જોયા-કહ્યા કરતા હોઈશું ને આ બાજુ તેણે પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરી લીધું હશે તો ગ.પ્ર.૧૦મા વચનામૃત મુજબ આપણને કૃતઘ્નીપણા જેવું જ પાપ લાગશે. આ તમામ વાતો જે તે ગ્રુપ, કુટુંબ કે સમૂહ પૂરતી હોય કે પછી સંપ્રદાય લેવલે હોય; એટલી જ અગત્યની છે. માટે આ પાપથી બચતા રહેવું.

જ્યાં કેવળ ગુણગ્રાહીવૃત્તિથી સૌના ગુણ જ જોવાય છે, લેવાય છે, વિચારાય છે, લખાય છે, ગવાય છે, સંભળાય છે ત્યાં સમજી લેવું કે ત્યાં એક આદર્શ સમાજનું નિર્માણ થશે, પ્રભુને ગમે એવા સંપીલા માહોલમાં સૌ સુખી થશે. અને જ્યાં આનાથી ઊલટું; પરસ્પરના અવગુણ ગવાતા હશે ત્યાં એ સમૂહ દ્વારા પ્રસરેલી નેગેટિવિટી; વિનાશક વાઇરસ કે અણુબોમ્બ જેવી ખતરનાક બની જશે. ને એ શબ્દોનું ચડેલું ઝેર આપણી આધ્યાત્મિકતાનું મોત જ સર્જશે; માટે સાવધાન... આવા કુસંગથી-કુસંગીથી હંમેશાં દૂર જ રહેવું. હા, કુટુંબ કે મિત્રમંડળમાં કોઈના સારા પ્રસંગો કે સદ્‌ગુણો જરૂર સેર કરવા, પણ કદાપિ નેગેટિવ વાત તો ન જ થવી જોઈએ. કોઈ સભ્યો કોઈની નેગેટિવ વાત કરવા માંડે તો એને પણ તરત રોકવા, આપણાથી મોટા હોય તો ત્યાંથી સ્થળાંતર કરીને પણ તેનાથી બચવું. જ્યાં આ બાબતનું જતન થશે ત્યાં આખા સમૂહનું વાતાવરણ પ્રેમભર્યું, દિવ્ય અને પ્રગતિવર્ધક બની જશે.

●●●

# સમય પારખો









એક રાજા હતો. તે ખૂબ જ દાન-પુણ્ય કરતો હતો. તેથી પ્રધાનજીને ચિંતા થયા કરતી.

પ્રધાનજી : (મનમાં) આમને આમ રાજા દાન દીધા કરશે તો રાજ્યનો ખજાનો ખાલી થઈ જશે...

બીજા દિવસે સવારે પ્રધાનજી રાજાને એકાંતમાં મળવા ગયા.

પ્રધાનજી : રાજન્ ! તમે આ રીતે દાન કરતા રહેશો તો રાજ્યનો ખજાનો ખાલી થઈ જશે.

રાજા : પ્રધાનજી, અમારી તરફ કોઈ હાથ લંબાવે એને અમે ના કેવી રીતે પાડી શકીએ ?

પ્રધાનજી : રાજન્ ! માંગણ તો હાલ્યા જ આવે. ગોળ હોય ત્યાં માંખો તો આવે જ.

રાજાએ પ્રધાનજીની આ વાત ખાસ યાદ રાખી.

તે દિવસે રાત પડી ત્યારે રાજાએ ચાકરને હુકમ કર્યો.

રાજા : જાઓ અને પ્રધાનજીને અમારા કક્ષમાં આવવાનું કહો.

ચાકર : જી રાજન્..!

રાજાના આદેશથી પ્રધાનજી હાજર થયા એટલે રાજાએ ચાકરને હુકમ કર્યો.

રાજા : જાઓ અને કોઠારમાંથી ગોળનો ગાંગડો લાવી આ મેજ પર મૂકો.

ચાકર : જી હજૂર.

મેજ પર ગોળનો ગાંગડો જોઈને પ્રધાનજીથી રહેવાયું નહીં. તેથી તેણે રાજાને પૂછ્યું.

પ્રધાનજી : રાજન્ ! તમે આ ગોળનો ગાંગડો મંગાવ્યો એ કાંઈ સમજાયું નહીં.

રાજા : પ્રધાનજી, સવારે અમે જ્યારે દાન દેતા હતા ત્યારે તમે શું કહેતા હતા ?



Happy RakshaBandhan

પ્રધાનજી : એ તો હું એમ કહેતો હતો કે ગોળ હોય ત્યાં માંખો આવે.

રાજા : તો જુઓ આ રહ્યો ગોળ ! માંખો લાવી આપો !

પ્રધાનજી : અરે રાજન્ ! અત્યારે તો રાત છે, એ તો દિવસ હોય તો માંખો આવે.

રાજા : પ્રધાનજી, ભગવાને મને ઘણું આપ્યું છે. અત્યારે મારો દિવસ છે. ખબરદાર મને દાન કરતા રોક્યો છે તો !

પ્રધાનજી રાજાની વાત સમજી ગયા.

**બોધ : જ્યારે આપણી પાસે તક હોય ત્યારે તેને ઝડપી લેવી જોઈએ. કેમ જે, તક કોઈની રાહ જોતી નથી. ભગવાને આટલું સારું શરીર આપ્યું છે તો સેવા કરી લેવી જોઈએ.**

**તકે રાજીપો રળી લે, તકે રહે સાવધાન;**
**એવા પ્રેમી ચતુર જનને, ઝટ મળે હરિ જ્ઞાન.**

# સત્સંગ સમાચાર

## ● ધર્મકુળમિલન સ્મૃતિ દેરી ઉદ્‌ઘાટન પ્રસંગે પદયાત્રા : કુંડળધામથી કારિયાણીધામ






પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી કારિયાણીધામ અને સમઢિયાળા ગામની વચ્ચે જ્યાં શ્રીજીમહારાજ અને ધર્મકુળનું મિલન થયું હતું; એવા પ્રસાદીભૂત ઐતિહાસિક સ્થળ પર આરસપહાણની સ્મારિકા-છત્રીનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું છે. તેના ઉદ્‌ઘાટન પ્રસંગે વિ.સં.૨૦૮૦ અષાઢ સુદ બારસ તા.૧૮/૦૭/૨૦૨૪ ને ગુરુવારના રોજ કુંડળધામથી કારિયાણીધામની એક અનોખી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામના ચોકમાં પૂ.ગુરુજીએ પૂજના સેવનીય સ્વરૂપ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને સુંદર શણગારાયેલ ગાડીમાં વિરાજિત રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું પૂજન કરી પૂ.મુનિબાપા, પૂ.ભાવિલા સ્વામી, પૂ.દયાળુ સ્વામી અને પૂ.વહાલા સ્વામીને સાથે રાખી આરતી ઉતારી હતી. ત્યારબાદ બપોરે ૩:૧૫ કલાકે કુંડળધામથી અખંડધૂન અને નામસ્મરણ સાથે પદયાત્રાનો પ્રારંભ થયો હતો.

જેમાં પૂ.ગુરુજી સાથે મંડળના પ્રાયઃ સંતો તથા આબાલવૃદ્ધ ભાઈઓ-બહેનો જોડાયાં હતાં. કારિયાણી પહોંચતા ૭૦૦ જેટલા હરિભક્તો આ પાવનકારી પદયાત્રામાં જોડાયા હતા. માર્ગમાં સમઢિયાળા ગામના શ્રીસ્વામિનારાયણ મંદિરે તમામ પદયાત્રીઓએ દર્શનનો લાભ લીધો હતો.

ત્યાંથી પદયાત્રા ધર્મકુળ મિલનસ્થાને કે જ્યાં સ્મૃતિ ડેરીનું નિર્માણ થયું છે ત્યાં પહોંચી. પ.પૂ.ગુરુજી તેમજ કારિયાણીધામના કોઠારી પ.પૂ. શ્રીમાધવપ્રસાદદાસજી સ્વામીના કરકમળો દ્વારા ચરણારવિંદનું પૂજન થયા બાદ શ્રીફળ વધેરી રિબન કટીંગ કરી સ્મારિકા-છત્રીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પૂ.ગુરુજી તથા સમઢિયાળા અને કારિયાણીધામના સહકાર આપનાર ભક્તો, બાજુના ખેતરવાળા વનમાળીભાઈ વગેરેએ આરતી ઉતારવાનો લાભ લીધો હતો. આ અવસરે કારિયાણી તથા સમઢિયાળાવાળા બાઈઓ તથા હરિભક્તોએ ૬ કલાક છત્રીસ્થાને તડકે બેસી ધૂન કરી મહારાજ, પૂ.ગુરુજીને રાજી કર્યા હતા.

આ પ્રસંગે પૂ.દયાળુ સ્વામી, પૂ.સ્નેહાળુ સ્વામી, પૂ.આદર્શજીવન સ્વામી તથા કારિયાણીધામથી પધારેલ કોઠારી પ.પૂ. શ્રીમાધવપ્રસાદદાસજી સ્વામીએ પ્રસંગોચિત પોતાની ઊર્મિઓ રજૂ કરી હતી. વળી, પૂ.ગુરુજીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, 'આ છત્રીનાં દર્શનથી પાપ બળશે, દેરીએ માથું ટેકવતાં ધર્મનો વાસ થશે ને કલ્યાણ થશે.' અનાવરણ વિધિ સંપન્ન કર્યા બાદ પદયાત્રા સાંજે લગભગ ૬:૪૦ કલાકે કારિયાણીધામ શ્રીસ્વામિનારાયણ મંદિરે પહોંચી. તમામ પદયાત્રાર્થીઓએ મંદિરમાં દર્શન કરી પ્રસાદીનાં સ્થાનો અને દરબારગઢનાં દર્શન કર્યાં. ત્યારબાદ દરબારગઢના ચોકમાં સભાનું આયોજન થયું હતું. જેમાં પૂ.ગુરુજીએ ઉપસ્થિત સૌને પોતાના આત્માને શ્રીપુરુષોત્તમનારાયણથી ભર્યો ભર્યો રાખવાની બળભરી વાતો કરી હતી.

અંતમાં કારિયાણીધામ મંદિરમાં બિરાજિત દેવોની સંધ્યા આરતીના દિવ્ય દર્શનનો સૌએ લાભ લીધો. ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં મહાપ્રસાદનો લાભ લઈ સૌ ધન્ય બન્યા હતા.

## ● ગુરુપૂર્ણિમા મહોત્સવ-વડતાલધામ



વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે શ્રીસ્વા. મંદિર, વડતાલધામ દ્વારા તા.૨૧/૦૭/૨૦૨૪ ના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. ગુરુપૂર્ણિમાના મંગલમય પ્રાતઃકાળે વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશ -પ્રસાદજી મહારાજે નિજ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ મહારાજશ્રી સભામંડપમાં પધાર્યા હતા.

આ પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીનીલકંઠચરણદાસજી સ્વામી-જેતપુરએ વ્યાસાસને બિરાજી 'સદ્‌ગુરુ મહિમાગાન' વિષય ઉપર કથાનું રસપાન કરાવ્યું હતું. તેમજ ધામોધામથી પધારેલ મહાનુભાવ સંતો પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-ચેરમેનશ્રી વડતાલધામ, પ.પૂ. ડો.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-કોઠારીશ્રી વડતાલધામ, જૂનાગઢધામ વતી પ.પૂ. શ્રીરાધારમણદાસજી સ્વામી, પ.પૂ.શ્રીહરિજીવન દાસજી સ્વામી-ચેરમેનશ્રી ગઢપુરધામ, ધોલેરાધામ વતી પ.પૂ.શ્રીપુરુષોત્તમચરણદાસજી સ્વામી, પ.પૂ. સદ્.શ્રીધર્મપ્રિયદાસજી સ્વામી(બાપુ સ્વામી)-ધંધુકા


Happy RakshaBandhan

વગેરે સંપ્રદાયના મૂર્ધન્ય સંતો તથા પૂ.ગુરુજીની આજ્ઞાથી કુંડળધામથી સંતોએ મહારાજશ્રીના પૂજનનો લાભ લીધો હતો. તેમની સાથે વડતાલ, ગઢડા, જૂનાગઢ બોર્ડના ટ્રસ્ટીસભ્યો અને સત્સંગી શ્રેષ્ઠીઓએ પણ મહારાજશ્રીના પૂજનનો લાભ લીધો હતો. અંતમાં પ.પૂ.મહારાજશ્રીએ ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. ગુરુજી અને સંતોએ તા.૨૦/૦૭/૨૦૨૪ના રોજ પ.પૂ.મહારાજશ્રીના નિવાસસ્થાને જઈ તેમના પૂજનનો લાભ લીધો હતો.

આ શુભ અવસરે 'શ્રીવડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રચારરથનું' મહાનુભાવ સંતોની ઉપસ્થિતિમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના કરકમળો દ્વારા પૂજન કરી અનાવરણ કરવામાં આવ્યું હતું, કે જે ૨૦૦૦ ગામડાઓમાં ફરી મહોત્સવનો પ્રચાર-પ્રસાર કરશે.

## ● આત્મીયસભા-૧૧૯ - શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા






પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા ખાતે તા.૨૧/૦૭/૨૦૨૪, અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે આત્મીયસભા-૧૧૯નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે સવારની કથામાં પૂ.દયાળુ સ્વામીએ 'મુમુક્ષુના જીવનમાં સદ્‌ગુરુના મહત્ત્વ' વિશે સુંદર વાતો કરી હતી. ત્યારબાદ આત્મીયસભા-૧૧૯ના પ્રારંભમાં પૂ.સ્નેહાળુ સ્વામીએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો, તેમાં સત્સંગની સપ્તપદી વિશેની સુંદર વાતો કરી હતી.

આ પ્રસંગે પૂ.ગુરુજીએ સભામાં પધારી ગુરુણાં ગુરુ વહાલા મહારાજનું પૂજન કરી પોતાના ગુરુદેવ અ.નિ.પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજી સ્વામી-ખાનદેશીનું પૂજન કર્યું હતું. ત્યારબાદ મંડળના વડીલ સંતોએ પૂ.ગુરુજીનું પૂજન કર્યું હતું. પૂજન બાદ પૂ.ગુરુજીએ ધૂન-કીર્તનના માધ્યમે સૌને પ્રભુમાં જોડ્યા હતા. વળી, પૂ.ગુરુજીએ કથા-વાર્તાના માધ્યમે અખંડ સ્મરણનો મહિમા જણાવી અખંડ સ્મરણમય રહેવા માટેનું માધ્યમ પૂરું પાડી અંતે સૌને આશીર્વાદ આપ્યા હતા. કથાના અંતમાં તમામ સંતો-પાર્ષદો તથા ભક્તોએ પુષ્પ અર્પણ કરી પૂ.ગુરુજીનું પૂજન કર્યું હતું. તેમજ તમામ હરિભક્તોના પ્રતિક રૂપે અમુક ભક્તોએ પૂ.ગુરુજીનું ફૂલહાર અને ધોતિયા વડે પૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ.સંતોએ ઉપસ્થિત સહુ ભક્તોને આશીર્વાદ સ્વરૂપે સૂકોમેવો અને સાકરનો પ્રસાદ આપ્યો હતો.

આજના આ પરમ પાવન દિવસે આત્મીયસભામાં તમામ ભાઈઓ-બહેનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનો પ્રત્યક્ષ અને નેટના માધ્યમે હજારો હરિભક્ત ભાઈઓ-બહેનો લાભ લઈ ધન્ય બન્યાં હતાં. અંતમાં પૂર્ણાહુતિની આરતી કરી સૌ મહાપ્રસાદ લઈ આત્મીયસભામાં થયેલ અમૃતવાણીનું સ્મરણ કરતાં કરતાં છૂટા પડ્યા હતા.








# હિંડોળા ઉત્સવ-ઈ.સ.૨૦૨૪